BAOU Education for All

॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad



# દરિયાકાંઠાની અનાગસ પ્રાદેશિકતાને નિરૂપતું એકાંકી : 'એંધાણી'

ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી

સતીશ વ્યાસના ઘણાં નાટકો અને એકાંકીઓમાં નારીના મનના સંચલનોની અભિવ્યક્તિ જોવાં મળે છે. 'નૉ પાર્કિંગ', 'તીડ' સંગ્રહના એકાંકીઓ કથાપટ અને તખ્તાલાયકીની દૃષ્ટિએ ઘણા સફળ એકાંકી પછી તેમનો એકાંકીસંગ્રહ 'પૂતળીબાઈ' પ્રગટ થાય છે. 'પૂતળીબાઈ' એકાંકીસંગ્રહના ત્રણ એકાંકી પૈકીના 'એંધાણી' જે ૨૦૧૨માં સૌ પ્રથમવાર 'પરબ'માં છપાયું હતું તેનો સમીક્ષાત્મક અભ્યાસ કરવાનો અહીં ઉપક્રમ છે.

'એંધાણી' એકાંકીમાં દરિયાકિનારે વસતા માછીમારનો વ્યવસાય કરતા લોકોના જીવન એટલે ખારવા સમાજની પૃષ્ઠભૂમિ પર રચાયેલું એકાંકી છે. આખા એકાંકીમાં એક સ્ત્રી પાત્ર 'પાલી' અને બીજા પાંચ પુરુષ પાત્રો સામેલ છે. એકાંકીની શરૂઆત 'નાથુ' જે 'પાલી'ના શ્વસુર છે અને 'પાલી' દરિયાની પૂજા કરી રહ્યાં છે. દરિયાના ઘૂઘવતા સૂરમાં દુહાનો સ્પષ્ટ અવાજ સંભળાય છે. ત્યાં જ દુહામાં મનના દ્વાર ઉઘાડતા શબ્દોથી કાફ઼ તરીકે ઉપયોગી બને છે.

'મ્હેરામણ માઝા મૂકે, વાયુ વહ વહ વાય,
ગોરંભો ગગને ચડે, તોયે ખારવો ગાય !
તોયે ખારવો ગાય, વીજળીયું માથે તડે
નીર નેહામાં ન્હાય આંતરિયું ઉરમાં પડે !' (પૃ.૩૫)

આ દુહાના લલકાર પછી શ્વસુર અને છોકરાની વહુ બંને દરિયા પ્રત્યે પોતાની પ્રાદેશિક બોલીમાં અહોભાવ વ્યક્ત કરે. દરિયાની દિલદારી વ્યક્ત કરતા જ દરિયાને ઠપકો આપતી પાલી આંતરવ્યથાને જણાવતા કહે છે કે, 'ઈ મસ્તી મસ્તીમાં જ તમારા છોકરાને ઓળવી ગ્યો સે ને... વ્હાલામૂઓ ! કહેતા'તાને કે અબઘડી આવહે ! પણ નો આવ્યો ઈ નૉ જ આવ્યો ને ?' (પૃ. ૩૬) આ દીકરાની વહુની વ્યથા સાંભળતા જ શ્વસુર નાથુ 'ફરી હથેવાળો કરી જ લે'- એટલે કે બીજા લગ્ન કરવાનું સૂચન કરે છે; પરંતુ, પાલીને પોતાના પતિના અંતિમ મિલન વખતે બોલેલા કથન પરનો વિશ્વાસ છે તેથી કહે છે કે, 'બાપુ, દેહ ને મનની વાત કરતા જ નૈ, આ કહી દીધું. આ પાલી હાવ જુદી જ માટીની બની સે, તમારો છોકરો ને' આવે ત્યાં આ દેહ ને મન દરિયે ગીરવે મેલ્યાં સે એણે. ને ઈય કહે તો ગ્યો તો કે પાલી રાહ જોજે, જરૂર આવીશ. તિ આવવાનો, આવવાનો ને આવવાનો. હાત ચોમાહાં ભલેને થ્યાં, સિતેર કેમ નથ્ય થાતાં?... હું તો એય ને આવી આવીને દરિયે મીટ માંડીને ઊભી રહેવાની, ઘલડીબુઢી થઈશ તૈંયે... માટે ઈ વાત તો કાઢતા જ નૈં...' (પૃ. ૩૭)

આમ, પાલીનો બીજા લગ્ન ન કરવાનો ઈરાદો આ સંવાદથી સ્પષ્ટ થાય છે. છતાં પિતા તરીકે નાથો 'કાનિયા' જેવો યોગ્ય છોકરો પણ બતાવે છે. ત્યાં કાનિયો આવે છે અને ત્યાંથી પાલી-કાનિયાને એકાંત આપવા નાથો ત્યાંથી જતો રહે છે અને કાનિયો, પાલી લગ્ન કરવા બાબતે જવાબ માંગે ત્યાં પાલી મક્કમ રહી લગ્ન કરવા સ્પષ્ટ નકારમાં પ્રત્યુત્તર આપે છે. નાથુને દૂરથી એક વહાણ આવતું દેખાય, જેના પર લીલી ધજા, ધજાને માથે લાલ કોર અને કુમતાવાળો શઢ છે, જે છેલ્લે દીકરાએ આવી જ નૌકા લઈ પ્રયાણ કર્યું હતું તેથી નાથુને દીકરાના આવવાની આશા બંધાઈ છે. ઉત્તેજના વશ કાનો, નાથુ અને પાલી કાંઠા નજીક આવે છે. એ નૌકામાંથી એક દાઢીધારી અસ્તવ્યસ્ત કપડાંવાળો, લાંબા વાળવાળો પુરુષ ઊતરે. તેનું નામ 'હીરા નાથા' જણાવે છે કે જે પાલીના પતિનું નામ પણ છે. નાથુ ખુશીમાં હીરાને ભેટે છે અને વહુને પાછા ફરેલા ભાગ્ય પોંખવાનું જણાવે છે. હીરો કોઈને ઓળખતો નથી છતાં સાત ચોમાસા ગયા હોવાથી આમ બની શકવાની સંભાવના દર્શાવાય છે તેથી પાલી તેને ઘરે લઈ આવી આરતી ઉતારે, વાળુ કરાવે. ભોજન પિરસતા આજે શું બનાવું ? બાપુના સાંજના જમવાના અંગે, પોતાના વાળુ અંગે સવાલો પૂછતી રહે. બધા સવાલોના જવાબ મળતા છેલ્લે પુરુષ નીંદર લેવા જવાનું કહે છે. ત્યાં પાલી જણાવે છે કે, 'અરે... હા, હું તો ભૂલી જ ગઈ. આપણે તો વરહો પહેલાં તમારા ગયા કેડે આપણો ખાટલો ઊભો કરી દીધો સે'. (પૃ.૪૨) પુરુષ પણ ધણી દેશાવર જાય એટલે વહુ ખાટલો વાળીને ઊભો કરી દે, તે રિવાજ યાદ કરી તેને બધું યાદ આવ્યાનું દર્શાવે છે. તેથી પાલી પ્રત્યુત્તરમાં કહે છે કે, 'હાલો ત્યારે એ અંદરના આપણા ખાટલાને નીચે ઢાળી દઈએ... વજનદાર હતો ને ?... જરા હીધો કરાવહો ને' (પૃ.૪૨) આ સાંભળી પુરુષ ખાટલાને સીધો કરવા અંદર જાય ત્યાં જ પાલી તે પુરુષને 'હરામખોર, પાજી, નીકળ મારા ઘરમાંથી બહાર...' એમ કહી ઘરમાંથી કાઢી મૂકે છે, સાથે ઘટસ્ફોટ કરી બાપુને કહે છે કે, આ મારો ધણી ન જ હોય ?' ત્યાં જ પુરુષ બીજો ઘટસ્ફોટ કરે કે, 'તમે બોલવા જ ક્યાં દીધો મોટા ? ને આ બાઈએય ક્યાં બોલવા દીધો ! ઝટ ઝટ ઘરમાં લાવ્યા, વાળું દીધું ને સૂવા બોલાવ્યો. હા, વાળુ કરતાં કરતાં આનું રૂપ જોઈ મને રોકાઈ જવાનો લોભ જાગ્યો ઈ વાત હાચી, પણ બસ એટલું જ... મને માફ કરી દો...' (પૃ.૪૩) પાલી પોતાનું સત સચવાયું તેથી સંતોષ માની તે પુરુષને કાનિયા સાથે વિદાય આપે છે.

હવે થોડા વર્ષો વીતી ગયા બાદ પાલી એ જ દરિયે ઘનઘોર વાદળ અને વીજળીના ગડગડાત વચ્ચે દોહા ગાતી, પોતાના વ્હાલમની રાહ જોતી અને પાછા ફરવાના વચનને વાગોળતી પાલીને દૂરથી એક યુવક દોડતો આવી લગભગ ઊંચકી જ લે. પોતે આટલા વર્ષ ક્યાં હતો તેની વાર્તા કરે અને ખાટલો જે આઠ વર્ષથી ઊભો છે તેને નીચે કરવાની જ્યાં વાત કરે ત્યાં જ આ યુવકને પાલી જાકારો આપી દે. પાલીને આ રીતે છેતરવાના પ્રયત્ન કરતા આ બદમાશ યુવકને પાલી કોઈ પણ વાત સાંભળ્યાં વગર તેને ચૂપચાપ ત્યાંથી ચાલ્યા જવાનું કહે.

આ વાતને પણ બે વર્ષ નીકળી જાય ત્યારે એક દિવસ નાથુ અને પાલી ઘરે હોય ત્યાં બારણું ખખડવાનો અવાજ આવે. કાનો એક આગંતુકને લઈને આવે. તેની નાથાના દીકરા અને પાલીના ધણી તરીકે ઓળખ આપે. નાથુ કે પાલી બંનેમાંથી એક પણ આગંતુકના ચહેરા પર ઘાના નિશાનને કારણે ઓળખતા નથી. તે ચહેરાના ચેરાઈ જવાની ઘટના વિશે જણાવે. આ સાંભળી પાલી આવેલા આગંતુકને રાત રોકાવવા જણાવે. આગંતુક ઘર ડબરો, ગળામાંનો દોરો વિશે વાત કહે તો પણ પાલીની શંકાનું સમાધાન થતું નથી. આગંતુક, પાલીને વિશ્વાસ અપાવવા ભૂતકાળની ઘટનાઓ વિશે જણાવે; છતાં પાલીને વિશ્વાસ બેસતો નથી. વાળુ કરતા આગંતુક પાલીને

વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન કરે; પરંતુ, વાળુ બાદ પાલી ખાટલા વિશેની વાત પછી છેલ્લી કસોટી કરવાનું નક્કી કરે. તે આગંતુકને પૂછે કે, 'આપણે ઓરડે પડેલા ખાટલાને આપણે ઊભો કરી દીધો' તોને ? તે...' (પૃ.૫૩) તેના પ્રત્યુત્તરમાં આગંતુક કહે કે, 'સું કીધું ? ઊભો ? ખાટલાને ?' અને 'અરે આ ખાટલો ઊભો કરાય એવો હતો જ ક્યાં ? એ તો ધરતી કેડે ખોડાયેલો રહે એવો જ હતો...'(પૃ.૫૩, ૫૪) આમ, કહી નવી ઊગતી નાળિયેરી છોલીને એક પાયો તૈયાર કર્યો હતો તેથી આ ખાટલો ઊભો તો થઈ જ ન શકે. તે વાત ઉદ્‌ઘાટિત કરે અને ગુરુ ઉચ્ચારણ પણ કહે કે, 'જીવનનો એક પાયો ધરતી સોતો મૂળ નાખેલો હોવો જોઈએ. બાકીના ત્રણ ભલે અધ્ધર હોય ! - આ ઉત્તર સાંભળ્યા પછી પાલી કબૂલે છે કે આ વાત હીરા અને પોતાના સિવાય કોઈને ખબર નથી, પિતા નાથાને પણ નહીં. આ સત્યતા ઉજાગર થતા જ પાલી કબૂલે કે, 'તમે ને તમે મારા સાચા ધણી. તમે જ મારા સાચ્ચા હીરા.' (પૃ.૫૪, ૫૫) ત્યાં એકાંકી પૂર્ણ થાય અને છેલ્લે પ્રકાશમાં 'લીંબુડાં ઝૂલે તારી બાગમાં, છબીલાલાલ' લોકગીત વાગે જે એક પ્રસન્નતાભર્યા આગળના જીવનનું સૂચક બને.

એકાંકીના અંતે એકાંકીકાર સતીશ વ્યાસ દ્વારા આ એકાંકીનું નાટ્યબીજ હોમરના મહાકાવ્યના અંશમાંથી લીધેલું હોવાનું જણાવેલ છે. હોમરના ઓડિસી મહાકાવ્યમાં ઓડિસીયસના પાછા ફરવાના મળેલા સમાચાર પછી, ઓડિસીયસ અને પેનેલોપ વચ્ચેના સંવાદો અને પેનેલોપ દ્વારા લેવાતી ઓડિસીયસની કસોટી, જેમાં પેનેલોપ કામવાળીને રાજાના બેડરૂમમાંથી પલંગ લાવવાનું કહે છે જે લાવી શકતો નથી કારણ કે જે પલંગનો એક પગ ઓલિવ ઝાડના સ્ટમ્પનો છે તે જવાબ ઓડિસીયસ પાસેથી મળે છે. જે જવાબમાં પેનેલોપ આનંદથી રડે છે અને તેના પતિ તરફ દોડી જાય છે. આ રહસ્યનું સંચાલન એકતા તે બંને દ્વારા જ કરવામાં આવ્યું હતું - આ કથાબીજને લઈને સતીશ વ્યાસે 'એંધાણી' એકાંકી રચ્યું છે.

આ એકાંકીમાં મુખ્ય પાત્ર પાલીનું છે. જેનો પતિ માછીમાર છે અને નૌકામાં ગયો ત્યારે પાછા ફરવાનું વચન આપ્યું જે વચન આપ્યા પછી પાલી વર્ષો સુધી પતિ હીરાની રાહ જોતી રહે છે. સાત વર્ષે પુરુષ અને આઠ વર્ષે યુવકથી છેતરામણીની કોશીશ થાય. દરિયા કિનારાના યુવાનો પાલી સાથે લગ્ન કરવા ઉત્સુક છે, સસરા નાથુ પણ વર્ષો વીત્યા બાદ પાલીને બીજા લગ્ન કરવાની શીખામણ આપે છે. આ એકાંકીમાં 'આગંતુક' દ્વારા પાલીના મક્કમ મનનું ઉદાહરણ મળે છે, '...ને પાછું હું કહી ગ્યો'તો મારી રાહ જોવાનું... તેય જોઈ, આ આખા પંથકમાં આ એક પાલી જ ટેકવાળી નીકળી બાપા...' (પૃ.૫૨) જ્યારે તેના મનની પીડા અને વિરહ વ્યથા આ દુહા દ્વારા છતી થાય છે.

'વાદળ લાવે વ્હાલમો, ને વ્હાલપ લાવે વીજ,
સૂનું મારું આંગણું, હાય અષાઢી બીજ !
વાવડ નાવ્યા વાયરે, નવ દેખાયું વ્હાણ,
ટટળે મારી કાય રે, કેવી કીધી આણ ?' (પૃ.૪૪)

અને એકાંકીમાં ચતુર પાલી ખાટલાને ઊભા કરવાના રિવાજની કસોટી કરી પુરુષ અને યુવકથી છેતરાતી નથી. જ્યારે આગંતુક આ કસોટીમાંથી પાર થતા આનંદથી પોતાના પતિ હીરાને વધાવી લેતી ચતુર, મક્કમ છતાં સંવેદનશીલ નારીનું વ્યક્તિત્વ રા.વિ. પાઠકની 'ખેમી'ની યાદ અપાવતું લાગે. સસરા નાથુ, કાનિયો, યુવક, પુરુષ

જેવા પાત્રો તથા પાલીનો પતિ આગંતુક, હીરો પણ પાલીના પાત્રને ઉપસાવવા જ અભિનય કરતા હોય અને સહાયક બનતા હોય એવું ચોક્કસ અનુભવાય જ. સતીશ વ્યાસના ઘણા એકાંકીઓ તથા નાટકોની જેમ પાત્રની મનોભૂમિકાને દર્શાવવા આ એકાંકીમાં દુહાનો સુયોગ્ય ઉપયોગ તેમણે કર્યો છે. 'એંધાણી' એકાંકીમાં આખો પરિવેશ, ભાષા, પ્રદેશ, રિવાજોમાં સૌરાષ્ટ્ર તરફના દરિયાકાંઠાનું આલેખન કર્યું હોય તેવું અનુભવાય છે. માછીમારનું અનિશ્ચિત જીવન, પતિના ન આવ્યા સુધી ખાટલાને ઊંચો કરી દેતી પત્નીના રિવાજો, પતિના ન આવ્યાને વર્ષો થયા પછી પત્ની બીજા લગ્ન કરી શકે એવી સામાજિક જોગવાઈ, સસરા તરફનો દીકરાની વહુનો અહોભાવ અને આદર્શ ગૃહિણીની ફરજો પૂરી નિષ્ઠા અને ચતુરાઈથી બજાવતી સ્ત્રી ક્ષમતાને પણ બખૂબી આ એકાંકીમાં દર્શાવાય છે. રંગમંચીય ક્ષમતાની રીતે આ એકાંકીમાં ઓછા પાત્રો વેશભૂષા બદલીને દર્શાવી શકાય તેવી સગવડને અવકાશ છે. પુરુષ, યુવક કે આગંતુકના પાત્રોમાં વેશભૂષા બદલીને એક અભિનેતા દ્વારા કરાવી શકાય. પાલીના પાત્રમાં વિરહ વેદના, હીરાની વાટ જોતી પાલી, નાથા ડોસાની વહુ પાલી, કાનિયાને સ્પષ્ટ જવાબ આપતી પાલી, યુવક અને પુરુષ પોતાનો પતિ ન હોય મક્કમ થઈ કડકાઈથી ઘરમાંથી કાઢી મૂકતી પાલી, આગંતુકની આગતાસ્વાગતા સાથે ચતુરાઈથી કસોટીઓ કરતી પાલી અને પતિના મેળવ્યા બાદ હરખાતી પાલી, પાલીના આ બધા રૂપમાં સંવાદો કરતાં પણ તેના અભિનયની છટાઓ એકાંકીને પ્રેક્ષકો બાંધી રાખવા સાર્થક નીવડી શકે એમ છે. એકાંકીકારનું પાલીના પતિ કોણ ? અને અંદરના ઓરડામાં ખાટલાનું શું પ્રયોજન છે ? તે રહસ્યમય સવાલોનો એકાંકીના અંતમાં મળતો જવાબ કંઈક નવીન અને તર્કબદ્ધ પૂરવાર થાય છે. આખા એકાંકીના અંત સુધી આ રહસ્ય પ્રેક્ષકોના મનમાં એકાંકીને જોવાની ઉત્સુકતા બનાવી રાખવા સક્ષમ જણાય છે. સમુદ્રના દૃશ્યમાં રંગમંચ સજ્જા અને ધ્વનિના માધ્યમથી પરિવેશ ઊભો કરી શકાય અને બીજા દૃશ્યમાં નાથા-પાલીના ઘરનો પરિવેશ સરળતાથી રંગભૂમિ પર તૈયાર કરી શકાય એમ છે. જેથી નિર્દેશકને પણ રંગમંચ સજ્જામાં અનુકૂળતા થઈ શકે. આખા એકાંકીમાં ભાષા સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના પ્રદેશની ઉપયોગમાં લીધી છે. જેથી માછીમારના સમાજ, પ્રદેશ અને કથાવસ્તુની સાથે પ્રેક્ષકોને સરળતાથી સાંકળી શકાય. એકાંકીકારની ભાષાશૈલીના કેટલાંક ચમકારા જોઈએ,

- નાથુ : ગાઓ મારા બાપલા, ગાઓ, દરિયાનાં ગાણાં ગાઓ. આપણો તો આ જ દરિયાદેવ. એ રીઝે તોયે આપણો ને રૂઠે તોયે આપણો. તડકો પડે તો છાપરુંય ઈ ને ટાઢ્ય પડે તો તાપણુંય ઈ. ઈ સે તો આપણે સીએ, ઈ નથી તો કાંઈ નથી. ઈ જ આપણું છેતર ને ઈ જ આપણી ખેડ.' (પૃ.૩૬)
- 'ઈ બધી આ દરિયાની કમાલ સે. ઈનેય ઓછું અડતું નૈં હોય, ઓછું નડતું નૈં હોય, પણ ઈ ઈના અંગ પર જરાય નો લે, હંધુંય ખંખેરી નાખે એનાં મોજાં ઉલાળી. ઈ તો એય ને લહેરમાં ઊડ્યા કરે, ઈને ઈનાં તાન ભલા.' (પૃ.૩૬)
- થોડો દૂબળો પડ્યો સું, થોડું નજરું નબળી પડી સે, પણ આ પેલી હામે ઊભી ઈ તારી વહુ પાલી, મારી હાથલાકડી થૈ મને ટકાવી રૈ સે, નહીંતર ક્યારનોય નીકળી પડ્યો હોત હરગાપરે. તારી રાહમાં ને રાહમાં અમે રોજ આ દરિયે આવતા ને કલાકો લગણ નેજવાં કરી કરીને ક્ષિતિજે જોઈ રે'તા. ભલે આવ્યો ભા, કેટલા વરહે આવ્યો. વહુ લ્યો વધાવો તમારા પાસા ફરેલા ભાયગને, પોંખો એને... (પૃ.૪૦)
- '...ક્યાં લગણ રાહ જોવડાવસ ? રાહ જોઈ જોઈને તો હવે હું પથરો થઈ જવા આવી મારા રામ ! આઠ આઠ ચોમાહાં વરહી ગ્યાં આ આખ્યુંમાંથી ને તોય આ કૂવા ખાલી નથી થ્યા !... હવે તો આ હાડપિંજરું જ

રહ્યું સે તારી રાહ જોતું. ટકજે ભૂંડી ઈ આવે ત્યાં લગણ. વચન દીધું સે કે રાહ જોજે, ને મેંય આજ લગણ નભાવ્યુ સે ઈ વચન, પણ આ ચોમાહું આવે સે ને માંહ્યલો ભડભડ બળે સે.' (પૃ.૪૪)

આખા એકાંકીમાં બોલીને અનુરૂપ ટૂંકા ટૂંકા વાક્યો-સંવાદોનો પ્રયોગથી ચોટ સધાય છે અને આજ ટૂંકા વાક્યોમાં ક્યાંય સીધું એકાંકી પ્રયોજન નથી; પણ ટુકડાઓ જોડતા રહસ્યોદ્‌ઘાટન થાય છે. પતિના લાપતા હોવાના કરુણરસથી આરંભાયેલું એકાંકી વિરહરસના પ્રભાવમાંથી નીકળી પતિ સાથેના મિલનની સુખદ ક્ષણોમાં પૂર્ણ થાય છે. એકાંકીમાં પતિના આવવાના વારંવારે મળતા એંધાણ સાથે પતિના પારખા કરી પોતાના પતિ છે કે નહીં તે જાણવા માટે 'ખાટલા'ની એંધાણીનો ઉપયોગ કરતી પાલીના સાહસના આ એંધાણ એકાંકીના 'એંધાણી' શીર્ષકને યર્થાથતા અર્પે છે.

આમ, હોમર રચિત ગ્રીક સાહિત્યના મહાકાવ્યના કથાબીજને પ્રાદેશિકતામાં તરબોળ કરી ગુજરાતી ભાષાની પ્રાદેશિક બોલી, દરિયાકાંઠાના પરિવેશમાં ઢાળી સ્ત્રીની સહજ અને સાશ્વત ભાવનાને રહસ્યના આવરણમાં લપેટી, પ્રેક્ષકની જિજ્ઞાસાવૃત્તિના ભાવનો બખૂબી સંયોગ કર્યો છે. આ કથાવસ્તુ, પરિવેશ, બોલી, જીવનદર્શન, રસદર્શનના સંયોજનથી બનેલું 'એંધાણી'નું પોટલું પ્રથમ પ્રયોગે તો પ્રેક્ષકોને અચૂક રસ જન્માવે; પરંતુ, રહસ્યમયી કથાવસ્તુ ધરાવતું આ એકાંકી દ્વિતીય પ્રયોગે પ્રેક્ષકોને માટે રસમય નીવડે તે અભિનેતાની અભિનય ક્ષમતા પર જ આધાર રાખશે.

સંદર્ભગ્રંથ :


૧) પૂતળીબાઈ (એકાંકીસંગ્રહ) સતીશ વ્યાસ



**ડૉ. હેતલ કિરીટકુમાર ગાંધી**
**આસી. પ્રોફેસર**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**અમદાવાદ**